# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦-A તા.૨૮-૦૪-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- શાળા પાઠયપુસ્તકો તાલુકા કક્ષાએથી શાળા સુધી પહોંચાડવા બાબત.**
**સંદર્ભ :- પત્ર ક્રમાંકઃએસએસએ/QEM/૨૦૨૧/૧૫૧૯૫-૧૫૨૩૪ તા.૨૭-૦૪-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને મફત પાઠયપુસ્તકો પાઠયપુસ્તક મંડળ દ્વારા આપવામાં આવે છે.જે પુસ્તકો મંડળ દ્વારા ઝોન કક્ષાએ પહોંચાડવામાં આવે છે.

રાજ્યની પ્રાથમિક શાળાના બાળકોને મફત પાઠયપુસ્તકો ઝોન સુધી ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા પહોંચાડવામાં આવે છે અને જે-તે ઝોન કક્ષાએથી શાળાકક્ષા સુધી પહોંચાડવાનો ખર્ચ શાળાકક્ષાએ ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ દ્વારા જે-તે શાળાને મળતી કન્ટીજન્સી ગ્રાન્ટ કે અન્ય ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી દર વર્ષે કરવામાં આવતો હોય છે. જેથી આ ગ્રાન્ટમાંથી ખર્ચ કરવો જો આ શક્ય ન હોય તો જરૂર જણાયે શાળામાં સમગ્ર શિક્ષા અંતર્ગત મળતી કુલ કમ્પોઝીટ ગ્રાન્ટ (શાળા ગ્રાન્ટ)નો નિયમોનુસાર ખર્ચ કર્યા બાદ રહેતી જે-તે વર્ષની બચતમાંથી પણ કરી શકાશે.

તા.૨૮-૦૪-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી